પરિપત્ર:

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે રાજ્ય સરકારશ્રીની શિષ્યવૃતિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈ.બી.સી. ફી માફી) નાં ગ્રાન્ટ અંદાજો મોકલી આપવા બાબત.

સંદર્ભ: ૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી – ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૨૫/૨૭૫ તા.૧૭/૦૯/૨૦૨૫ અન્વયે
૨) જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ૨/૧, બહુમાળી ભવન,સરદારબાગ જીલ્લો જુનાગઢ, તા. ૧૯/૦૯/૨૦૨૫ અન્વયે

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જીલ્લાની તમામ સરકારી તથા અનુદાનિત કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્ય સરકારશ્રીની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈ.બી.સી. ફી માફી) અંતર્ગત શિષ્યવૃતિ ચુકવવાની થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે જુનાગઢ જીલ્લાની તમામ સરકારી તથા અનુદાનિત કોલેજોએ ગ્રાન્ટ અંદાજો તૈયાર કરી આ સાથે સામેલ નિયત પત્રકમાં માહિતી તૈયાર કરીને અત્રેની કચેરીમાં દિન -૨ માં મોકલી આપવી જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઇ શકે. આ માહિતી એકત્રિત કરતી વખતે આ સાથે સામેલ પરિપત્ર મુજબની જોગવાઈઓ ધ્યાને લેવી.

ઉપરોક્ત યોજના સ્વનિર્ભર (સેલ્ફ ફાઇનાન્સ) કોલેજના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી જેની નોંધ લેશો. જુનાગઢ જીલ્લાની કોલેજોનો કોઇપણ પાત્રતા ધરાવતો વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તે અંગેની કાળજી લેશો તથા માહિતી દિન -૨ માં નિયત પત્રકમાં માહિતી તૈયાર કરીને અત્રેની યુનિવર્સિટીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધઃ ઉપરોક્ત નિયત પત્રકમાં આચાર્યશ્રીનાં સહી સિક્કા કરી મોકલવાની રહેશે. જુનાગઢ જીલ્લાની તમામ સરકારી તથા અનુદાનિત કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભ ક્રમાંક ૨ ની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૪૩/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૨/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જીલ્લાની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

૨/૧,બહુમાળી ભવન,સરદારબાગ

જુનાગઢ

**junagadhdeo@gmail.com**

તા ૧૯/૦૯/૨૦૨૫

પ્રતિ

રજીસ્ટ્રારશ્રી

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી

જુનાગઢ

વિષય:-રાજય સરકારની શિષ્યવૃત્તિ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાથીઓની ફી માફી યોજના(ઈ.બી.સી.ફી માફી)ના ગ્રાન્ટ અંદાજો મોકલી આપવા બાબત(સને ૨૦૨૫-૨૬)

સંદર્ભ:-ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી-ગાંધીનગરના પત્ર ક્રમાંક:ઠ-૨/સ્કો/૨૦૨૫/૨૭૫ તા.૧૭/૦૯/૨૦૨૫

શ્રીમાન

ઉપર્યુકત વિષય તથા સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, આપની કચેરી હસ્તકની આ જિલ્લાની સરકારી અને બિન સરકારી માત્ર ગ્રાન્ટેડ કોલેજોમાં ચાલુ વર્ષ સને ૨૦૨૫-૨૬ માં અભ્યાસ કરતા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને ચાલુ વર્ષ રાજય સરકારની શિષ્યવૃતિઓ પૈકી આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ફી માફી યોજના (ઈબીસી ફી માફી) શિષ્યવૃતિ ચુકવવાની થાય છે.

જે અન્વયે આ જિલ્લામાં ચાલુ વર્ષ માટે કેટલી ગ્રાન્ટની જરૂરીયાત રહેશે. તેનો અંદાજો જિલ્લાની કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પાસેથી અરજીઓ મંગાવીને કોલેજના આચાર્યશ્રીઓ પાસેથી અંદાજો મંગાવીને એકત્રિત કરીને આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં તૈયાર કરીને આ કચેરીને દિન-૫ માં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી નિયત સમયમર્યાદામાં આ અંગેની ગ્રાન્ટની ફાળવણી થઈ શકે. આ માહિતી એકત્રિત કરતી વખતે આ સાથે સામેલ પરિપત્ર મુજબની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

સ્વનિર્ભર (સેલ્ફ ફાયનાન્સ) કોલેજના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી, આપના જિલ્લાની કોલેજોનો કોઈ પાત્રતા ધરાવતો વિદ્યાર્થી ઉક્ત શિષ્યવૃતિથી વંચિતન રહી જાય તે મુજબની કાર્યવાહી કરવા કોલેજોના આચાર્યશ્રીઓને જણાવશો. અને કોલેજો આ કચેરીને સીધે સીધી માહિતી ના મોકલે તે પણ જણાવશો. તમામની માહિતી આપશ્રીની કચેરીમાં મંગાવીને એકત્રિત કરીને જરૂરી આધારો સાથે તેમજ આ સાથે સામેલ કરેલ નિયત પત્રકમાં આ કચેરીને મોકલી આપશો.

જિલ્લા શિક્ષણાધિકારી,

જૂનાગઢ.

બિડાણ:- ઉપરોક્ત સંદર્ભ પત્રની નકલ તેમજ નિયત નમુના પત્રક

# ઈ.બી.સી અંદાજ પત્રક-૨૦૨૫-૨૬

**સંસ્થાનું નામ:-**

| ક્રમ | કોલેજનું નામ | સરકારી કે ગ્રાન્ટેડ ઈન એઈડ | વર્ષ | આખી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીની સંખ્યા | ચુકાવાવની ની થતી કુલ વાર્ષિક રકમ રૂ. | અડધી ફી માફી માટે આવેલ વિદ્યાર્થીઓની અરજીની સંખ્યા | ચુકાવાવની ની થતી કુલ વાર્ષિક રકમ રૂ | એકંદરે ચુકાવાવની ની થતી કુલ વાર્ષિક રકમ રૂ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | એફ.વાય | | | | | | |
| | | | એસ.વાય | | | | | | |
| | | | ટી.વાય | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રથમ વર્ષ | | | | | | |
| | | | પોસ્ટ ગ્રેજ્યુએટ બીજુ વર્ષ | | | | | | |

**નોંધ:-ઈ.બી.સી ના પત્રક કોમ્પ્યૂટરાઈઝ કરીને જ મોકલવા**

**આચાર્યની સહી**

## -: આચાર્યશ્રીનું પ્રમાણપત્ર:-

**આથી પ્રમાણપત્ર આવામાં આવે છે કે અત્રેની શાળા/કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાથીઓએ અન્ય ખાતામાંથી શિષ્યવૃત્તિનો લાભ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે .**

**આચાર્યની સહી**